સત્યમેવ જયતે

રજુ તારીખ: ૨૦/૦૧/૨૦૨૦

ફાઈલ તારીખ: ૨૦/૦૧/૨૦૨૦

ફેસલ તારીખ: ૩૦/૦૩/૨૦૨૬

અવધિ: ૦૬ વર્ષ ૦૨ માસ ૧૦ દિવસ.

**મેહરબાન વિસનગરના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુ.વિસનગર**

**ક્રિમિનલ કેસ નંબર– ૧૫૯/૨૦૨૦.**

**આંક:–**

**ફરીયાદી:–** પટેલ મહેન્દ્રકુમાર શંકરલાલ,
ઉ.વ.આ.૫૪, ધંધો–વેપાર,
રહે. ૬૦–મહાલક્ષ્મી સોસાયટી, મહેસાણા રોડ, વિસનગર,
તા. વિસનગર, જિ.મહેસાણા.

**<u>વિરૂધ્ધ</u>**

**આરોપી:–** મોદી નરેન્દ્રભાઈ સોમાલાલ,
ઉ.વ.આ.પુખ્ત,
રહે. બી–૨૦૭, સિલ્વર સ્પિંગ ફલેટ, વિલાસીયા ગામની સામે, હંસપુરા રીંગ રોજ, દહેગામ સર્કલની પાસે, નવા નરોડા, અમદાવાદ.

**ગુનો: ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

ફરીયાદી તરફે વિ.વ.શ્રી એન.જે.ભાવસાર

આરોપી તરફે વિ.વ.શ્રી ડિ.વી.ખેર

## ચુકાદો

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકી હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સબંધો બંધાયેલા હોય એકબીજાને સારી રીતે ઓળખે છે. આરોપી ફરીયાદીને નવેમ્બર–૨૦૧૮ માં મળેલા અને ફરીયાદી પાસે રૂા.૫,૦૦,૦૦૦/– પુરાની સામાજીક કામ સારૂ દશ માસ માટે હાથ ઉછીનાની માંગણી કરતાં ફરીયાદીએ રૂા.૫,૦૦,૦૦૦/– પુરા દશ માસ માટે હાથ ઉછીના રોકડા આપેલા. ત્યાર બાદ દશ માસનો સમય પુરો થતાં ફરીયાદીએ વારંવાર ઉઘરાણી કરતાં આરોપીએ ફરીયાદીને લેણી રકમ પેટે ઈન્ડીયન બેન્ક ન્યુ નરોડા શાખાના એક–એક લાખ રૂપિયાના જુદી જુદી તારીખના કુલ પાંચ ચેક આપેલા. જે પૈકી ત્રીજો ચેક નંબર–૪૪૪૮૮૯ નો રૂા.૧,૦૦,૦૦૦/– પુરાનો તા.૧૧/૧૨/૨૦૧૯ નારોજની પાકતી તારીખનો આરોપીએ સહી કરી ફરીયાદીના નામનો આપેલ. જે ચેક ફરિયાદીએ તેમના ખાતામાં બેન્ક ઓફ બરોડા વિસનગર શાખામાં તા.૧૧/૧૨/૨૦૧૯ ના રોજ ભરતા સદર ચેક તારીખ ૧૨/૧૨/૨૦૧૯ નારોજ ફંડ ઈનસફીસીયન્ટના શેરાથી પરત ફરતા ફરિયાદીએ આરોપીને તારીખ ૧૬/૧૨/૨૦૧૯ નારોજ રજીસ્ટર પોસ્ટ એડીથી નોટિસ મોકલેલ જે નોટિસની બજવણી તારીખ ૧૮/૧૨/૨૦૧૯ નારોજ થયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવી આપેલ ન હોય કે નોટીસ મુજબનું કોઈ વર્તન કરેલ ન હોય જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેની અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીને પ્રોસેસની બજવણી થતાં આરોપી હાજર થતાં આરોપીને નકલો આપ્યા બાદ આંક–૬૦ થી આરોપીની પ્લી મારા પુરોગામી મેજિસ્ટ્રેટશ્રીએ લેતાં આરોપીઓએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરેલ હોય સદરહુ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## મૌખિક પુરાવો

| | |
|---|---|
| (૧) ફરીયાદી પટેલ મહેન્દ્રકુમાર શંકરલાલની જુબાની | આંક–૦૫ |

## દસ્તાવેજી પુરાવો

| | |
|---|---|
| (૧) અસલ ચેક નં. ૪૪૪૮૮૯ | આંક–૨૮ |
| (૨) ફરીયાદીએ બેંકમાં ચેક જમા કરાવ્યાની ભરણા સ્લીપ | આંક–૨૯ |
| (૩) ચેક રીર્ટન થયા બાબતનો રીર્ટન મેમો જે અસલ | આંક–૩૦ |
| (૪) આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત | આંક–૩૧ |
| (૫) આરોપીને નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટની સ્લીપ | આંક–૩૨ |
| (૬) રજી. પો. એડીનું ઓનલાઈન સ્ટેટસ | આંક–૩૩ |

(૪) આરોપી તરફે ઉલટતપાસના તબકકે કોઈ હાજર રહેલ ન હોઈ કે કોઈ રજુઆત કરેલ ન હોય આરોપીની ઉલટતપાસનો હકક આંક– ૫૫ તળે હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા

ન હોય તે અંગેનું કલોઝીંગ પુરસીસ આંક– ૫૬ થી રજુ કરવામાં આવેલ છે.

(૬) સદર કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વધારાનું નિવેદન લેવા માટે સદર કામ રાખવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતા ન હોઈ જેથી આંક– ૫૯ તળે આરોપીને વિશેષ નિવેદનનો હકક બંધ કરી સદરહું કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૭) આ કામે ફરીયાદીના વિ.વ.શ્રીએ મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, તેઓએ આરોપીને રૂા. ૫ ,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપેલ તે પૈકી એક–એક લાખ રૂપિયાના જુદી જુદી તારીખના કુલ પાંચ ચેક આપેલા. જે પૈકી ત્રીજો ચેક રૂા. ૧ ,૦૦,૦૦૦/– નો ચુકવણી પેટે ચેક આપેલ તે ચેક પરત થતાં હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનું અને આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ લેવામાં આવેલ ન હોય તેમજ રજૂ કરેલ પુરાવા આધારે કેસ પુરવાર કરેલ હોઈ અને આરોપી ફરીયાદ હકીકતોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી આરોપીને કાયદામાં જણાવેલ મહતમ સજા કરવા રજૂઆત કરેલ છે.

(૮) આરોપી તરફે દલીલના તબકકે કોઈ હાજર રહેલ ન હોઈ કે કોઈ રજુઆત કરેલ ન હોય આરોપીની દલીલનો હકક આંક– ૦૧ તળે હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

(૯) સદર કામે કેસનાં રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કેસનાં આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## <u>મુદ્દો</u>

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસે રૂા.૫,૦૦,૦૦૦/– પુરાની

સામાજીક કામ સારૂ દશ માસ માટે હાથ ઉછીનાની માંગણી કરતાં ફરીયાદીએ રૂા.૫,૦૦,૦૦૦/– પુરા દશ માસ માટે હાથ ઉછીના રોકડા આપેલા ત્યાર બાદ દશ માસનો સમય પુરો થતાં આરોપીએ ફરીયાદીને લેણી રકમ પેટે ઇન્ડીયન બેન્ક ન્યુ નરોડા શાખાના એક–એક લાખ રૂપિયાના જુદી જુદી તારીખના કુલ પાંચ ચેક આપેલા. જે પૈકી ત્રીજો ચેક નંબર–૪૪૪૮૮૯ નો રૂા.૧,૦૦,૦૦૦/– પુરાનો તા.૧૧/૧૨/૨૦૧૯ નારોજની પાકતી તારીખનો આપેલ. જે ચેક ફરિયાદીએ તેમના ખાતામાં બેન્ક ઓફ બરોડા વિસનગર શાખામાં તા.૧૧/૧૨/૨૦૧૯ ના રોજ ભરતા સદર ચેક તારીખ ૧૨/૧૨/૨૦૧૯ નારોજ ફંડ ઈનસફીસીયન્ટના શેરાથી પરત ફરતા ફરિયાદીએ આરોપીને તારીખ ૧૬/૧૨/૨૦૧૯ નારોજ રજીસ્ટર પોસ્ટ એડીથી નોટિસ મોકલેલ જે નોટિસની બજવણી તારીખ ૧૮/૧૨/૨૦૧૯ નારોજ થયેલ હોવા છતાં ધી નેગોશિયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો સજાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

(૧) હકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

## <u>કારણો</u>

**(૧૧)** **<u>મુદ્દા નંબર–૧,</u>**

સદર કામે ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮

ના આવશ્યક તત્વો નીચે મુજબ તારવી શકાય.

(૧) આરોપીએ પોતાના ખાતાનો ચેક ફરીયાદીને નાણાં ચૂકવવા આપેલ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા આપેલ.

(૩) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક અપુરતા ભંડોળના કારણે પરત થતા આરોપીને નોટીસ આપવામાં આવેલ હોય જે નોટીસ આરોપીને મળી ગયેલ હોવાછતાં નાણાં ફરીયાદીને ચૂકવી આપેલ નથી.

**(૧૨)** આ કામે રજુ થયેલ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની આંક–૦૫ થી રજુ કરેલ જુબાનીમાં પોતાની આંક –૦૧ ની ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતોને વળગી રહી અને ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે. આ તમામ હકીકતોને આ કામે આગળ ઉપર વિગતવાર જણાવવામાં આવેલ હોવાથી તેનું પુનરાવર્તન થતું અટકાવવા માટે ફરીથી વર્ણન કરવામાં આવેલ નથી.

**(૧૩)** વધુમાં ફરીયાદીની જુબાની તથા રજુ કરેલ અન્ય દસ્તાવેજી પુરાવા ઉપરથી કેટલાક અનુમાનો અદાલતે કરવાના હોય છે. વધુમા આ કામે રજુ થયેલ આંક– ૩૦ વાળા આધારથી વિરૂધ્ધનો કોઈ પુરાવો રજુ કરવામાં ન આવે તો તે આધારોને ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૪૬ મુજબ પુરાવામાં ગ્રાહ્ય ગણવામાં આવેલ છે.

**(૧૪)** વધુમાં ફરીયાદીની જુબાની તથા રજુ કરેલ અન્ય દસ્તાવેજી પુરાવા ઉપરથી કેટલાક અનુમાનો અદાલતે કરવાના હોય છે. જે ધી નેગો.ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ વંચાણે લેતા માલુમ

પડે છે કે, જો એકવાર એમ સાબીત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ એવો કોઈ કાયદાનો નિયમ નથી. આરોપી ફરીયાદીની ઉલટતપાસ તથા રેકર્ડ ઉપરના પુરાવા પરથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે.

ફરીયાદીના પુરાવાથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે '' જયાંસુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહી ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃ જવાબદારી માટે મેળવ્યો હતો.'' અલબત, આ અનુમાન ખંડનીય છે અને અનુમાનથી વિપરીત સાબિત કરવાનો પુરાવાનો બોજો આરોપી ઉપર કલમ–૧૩૯ ના પરંતુક મુજબ રહે છે, છતાં પણ આરોપીએ અનુમાનનું ખંડન કરવા માટે સાક્ષીના પીંજરામાં આવીને જ પુરાવો આપવો જરૂરી નથી, કોઈપણ રીતે આરોપી અનુમાનનું ખંડન પુરાવાના સિધ્ધાંતથી કરી શકે છે.

સદર કામે ધી નેગો.ઈન્સ્ટુ. એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ વંચાણે લેવી મહત્વની હોય જે નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

**118. Presumptions as to negotiable instruments**.

Until the contrary is proved, the following presumptions shall be made:

(*a*) **of consideration**.

that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted,

indorsed, negotiated or transferred for consideration;

(*b*) **as to date**.

that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(*c*) **as to time of acceptance**.

that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(*d*) **as to time of transfer**.

that every transfer of a negotiable instrument was made before its maturity;

(*e*) **as to order of indorsements**.

that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(*f*) **as to stamp**.

that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(*g*) **that holder is a holder in due course**.t

hat the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**139. Presumption in favour of holder**.

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

**(૧૫)** વધુમાં આ કામે ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરતા આંક– ૨૮ વાળો ચેક આરોપીના ખાતાનો નથી કે ચેકમાં કરવામાં આવેલ સહી આરોપીની નથી તે બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી, જેથી આંક– ૨૮ વાળો ચેક આરોપીનો હોવાનું અને તે આરોપીના ખાતાનો હોવાનું અને તેમાં કરવામાં આવેલ સહી આરોપીની હોવાનું પુરવાર થતું હોય અને સહી બાબતની કોઈ તકરાર ન હોય જેથી તે બાબતે વધુ કોઈ ચર્ચા કરવામાં આવતી નથી.

**(૧૬)** સદર કામે આરોપી તરફે ફરીયાદીની આંક–૦૫ તળેની ઉલટતપાસ કરવા માટે સમય આપવા છતાં આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ કરેલ ન હોઈ જેથી ફરીયાદી ઉલટતપાસ કરવાનો હકક આંક– ૫૫ તળે હુકમ કરી બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે વધુ કોઈ પુરાવા રજૂ કરવા ન હોઈ તે બાબતે આંક– ૫૬ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે. આરોપીના વિશેષ નિવેદન માટે સદર કામ રાખવામાં આવેલ હોઈ પરંતુ આરોપી હાજર રહેતા ન હોઈ કે તેઓ તરફે કોઈ રજુઆત થતી ન હોઈ ઉચ્ચ નામદાર અદાલતોના ચૂકાદાઓને ધ્યાને રાખીને આંક– ૫૯ તળે આરોપીનો વિશેષ નિવેદન કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે ત્યારબાદ આરોપી હાજર રહેલ ન હોઈ તેમજ કોઈ પુરાવા રજૂ કરેલ ન હોઈ જેથી આરોપી તરફે ફરીયાદ હકીકતોનું ખંડન કરેલ હોવાનું જણાઈ આવતું નથી. વધુમાં, ફરીયાદી તરફે અનુમાન કરવાનું હોય છે અને તે અનુમાન ખંડનીય હોય છે તે પુરવાર કરવામાં આરોપી નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ પરથી જણાઈ આવે છે.

**(૧૭)** આમ, આરોપી પર ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુબજ અનુમાનનું ખંડન (રીબર્ટ) કરવાની જવાબદારી હોય છે અને જયાં સુધી આરોપી આવુ વિરૂધ્ધનું પુરવાર ન

કરે ત્યાં સુધી આરોપીએ ફરીયાદીને લેણાં પેટે ચેક આપેલ છે તેમ માનવું જોઈએ. વધુમાં, અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહે છે અને જો આરોપી અનુમાનોનું ખંડન ન કરી શકે તો અનુમાન ઉપર આધાર રાખીને પણ તકસીરવાન ઠરાવી શકાય છે. નામદાર વડી અદાલત તથા ઉચ્ચ અદાલતના ચૂકાદાઓ માનસહ વંચાણે લીધા અને તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં ફરીયાદીએ રજુ કરેલ ચૂકાદાઓ તેઓને મદદરૂપ થતા હોય તેમજ આમ હાલના કેસમાં રેકર્ડ ઉપરનાં પુરાવાઓ તેમજ ઉપરોકત કરેલ ચર્ચાને આધારે ફરીયાદી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલ છે અને તેથી ફરીયાદપક્ષે કરવામાં આવેલ દલીલો સાથે હું સંમત થતો હોઈ તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપું છું અને મુદ્દા નં.૨ નો નિર્ણય નીચે મુજબ આપુ છું.

## હુકમ

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૮(૨) અન્વયે મોદી નરેન્દ્રભાઈ સોમાલાલ નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવીને સજા બાબતે સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૩૦ , માહે– માર્ચ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં ચૂકાદો જાહેર કરી વાંચી સંભળાવવામાં આવ્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬

સ્થળ: વિસનગર (**ચેતનકુમાર રમણલાલ મોદી**)
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર.
કોડ નં.જીજે૦૧૪૯૧.

**(૧૮)** આ કામે આરોપી હાજર નથી તેમજ તેઓના વિ.વ..શ્રીએ જણાવેલ છે કે. આરોપી વયોવૃદ્ધ હોય તેમજ બિમાર હોય તેમજ તેઓના પરીવારની જવાબદારી તેઓ પર રહેલ હોય જેથી તેઓને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. વધુમાં, આરોપી હાજર ન હોય આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવવાનો ચૂકાદો અત્રેની અદાલત ધ્વારા જાહેર કરી શકાય કે કેમ? તે સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચૂકાદો ઈશ્વરભાઈ હીરાભાઈ ચુનારા વિ. સ્ટેટ ઓફ ગુજરાત તેમજ ''શરદ જેઠાલાલ સાવલા વિરુધ્ધ ગુજરાત રાજય'' નો ચૂકાદો વંચાણે લેતા તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવતો ચૂકાદો જાહેર કરી શકાય છે.

**(૧૯)** સજા અંગે ફરીયાદીનાં વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, આરોપીને મહતમ સજા કરવા અને વ્યાજ સહિત વળતર અપાવવા રજુઆત કરેલ છે.

**(૨૦)** સદર કામે સંજોગો લક્ષમાં લેતા અને જયારે આરોપીને દોષીત માનવામાં આવેલ છે અને તે સાથે જોવામાં આવે તો આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષા પાત્ર ગુનામાં બે વર્ષ સુધીની શિક્ષા અને ચેકથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંન્ને પ્રકારની સજા અને સી.આર.પી.સી.કલમ–૩૫૭ અન્વયે વળતર કેસના સંજોગો પ્રમાણે અપાવી શકાય છે. હાલના કેસના સંજોગોને ઘ્યાને લેતા અને નામદાર ઉચ્ચ અદાલતોએ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ઘ્યાને લેતા તેમજ આરોપી હાજર રહેલ ન હોઈ ઉપરોકત જણાવેલ ચૂકાદા મુજબ આરોપીની ગેરહાજરીમાં ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

**-//આખરી હુકમ //-**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૮ (૨) અન્વયે મોદી નરેન્દ્રભાઇ સોમાલાલ નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ - ૧૩૮ અન્વયે દોષિત ઠરાવી ૦૧ વર્ષ (એક વર્ષ) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ આ કામનાં ફરીયાદીને બી.એન.એસ.એસ. ની કલમ-૩૯૫ અન્વયે રૂપિયા ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ) પુરા વળતર તરીકે ચુકવી આપવા અને તેમ કરવામાં કસુર કર્યેથી વધુ ૬૦ દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી આજરોજ કોર્ટમાં હાજર ન હોઈ તેની ગેરહાજરીમાં હુકમ જાહેર કરેલ હોઈ આરોપી વિરૂધ્ધ સજા વોરંટ ઈસ્યુ કરવુ.

(૪) બી.એન.એસ.એસ. ની કલમ-૪૦૪(૧) મુજબ આરોપીને આ હુકમની નકલ તાત્કાલીક વિના મુલ્યે આપવાની હોય છે પરંતુ આજરોજ આરોપીની ગેરહાજરીમાં હુકમ જાહેર કરેલ હોય જેથી તેવી નકલ હાલમાં આપવાની રહેતી નથી.

(૫) આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા બી.એન.એસ.એસ. ની કલમ-૪૬૮ અન્વયે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૩૦, માહે- માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં ચૂકાદો જાહેર કરી વાંચી સંભળાવવામાં આવ્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ: વિસનગર

(**ચેતનકુમાર રમણલાલ મોદી**)
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વિસનગર.
કોડ નં.જીજે૦૧૪૯૧.

અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ